નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/ ૯૬૩
પ્રિ–વિતરણ/પોલીસી/
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૦૪/૦૯/૨૦૧૭

## // પરિપત્ર //

**વિષયઃ–** **નિગમના પરિપત્ર તારીખઃ૧૭.૦૨.૧૯૯૫માં જણાવેલ વાણિજ્યિક પ્રવૃતિઓની યાદીમાં પેટ્રોલ પંપ / સીએનજી પંપ અને પાર્કિંગ ઈન્ડસ્ટ્રીઝનો સમાવેશ કરવા બાબતે.**

સંદર્ભઃ– નિગમના પરિપત્ર ક્રમાંકઃઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/એચએ/વાણિજય/૩૧/૫૪૬/૯૫, તા.૧૭.૦૨.૧૯૯૫

નિગમ ધ્વારા ઉકત સંદર્ભિત પરિપત્રથી નિગમની તમામ વસાહતોમાં આવેલ કોઈપણ મિલ્કત / જમીનની જાહેર હરાજીથી ફાળવણી કરવા બાબતે નિગમ તરફથી આપવામાં આવતી જાહેરાત અને અરજદારની અરજીપત્રક બાબતે નીતિ જાહેર કરવામાં આવેલ છે. સદર પરિપત્ર સાથે વાણિજિયક હેતુઓની યાદી જાહેર કરવામાં આવેલ છે, જેમાં કુલઃ૫૬ પ્રકારની પ્રવૃતિનો સમાવેશ થયેલ છે. સદર યાદીમાં ફયુઅલ પંપ અને પાર્કિંગ ઝોનની પ્રવૃતિઓને વાણિજિયક પ્રવૃતિઓની યાદીમાં સમાવેશ કરવા બાબતે નિગમની તા.૨૦.૦૬.૨૦૧૭ ના રોજ યોજાયેલ નિયામક મંડળની ૪૯૬ મી સભા સમક્ષ અધ્યક્ષ સ્થાનેથી કાર્યસૂચિ ક્રમાંકઃ૨૮/પ્રિ–વિતરણ/૪૯૬ રજુ કરવામાં આવેલ.

સદર સભામાં થયેલ ઠરાવ ક્રમાંકઃ૬૧/પ્રિ–વિતરણ/૪૯૬/૨૦૧૭ અન્વયે, ઉકત સંદર્ભિત પરિપત્રમાં જણાવેલ કુલઃ૫૬ પ્રકારની પ્રવૃતિઓની યાદીમાં પેટ્રોલ પંપ / સીએનજી પંપ અને ટ્રાન્સપોર્ટ ઈન્ડસ્ટ્રીઝની પ્રવૃતિઓને વાણિજિયક પ્રવૃતિઓની યાદીમાં સમાવેશ કરવામાં આવે છે. જેથી હવે વાણિજિયક પ્રવૃતિઓની યાદીમાં કુલઃ૫૮ પ્રકારની પ્રવૃતિઓને ઘ્યાને લેવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ–વિતરણ) ને પાઠવવી.

– સહી–
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.ગ્રેડ–૧શ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)**